# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે ફાયર NOC તથા BU Permission ના કારણે પડી રહેલ મુશ્કેલીઓના તાત્કાલીક નિરાકરણ માટે મિટીંગ યોજવામાં આવેલ....**

**આવતીકાલ સવારે ૧૧:00 વાગ્યે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ બહોળી સંખ્યામાં વેપાર-ઉદ્યોગકારો મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને શાંતિપુર્ણ રજુઆત કરશે....**

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

टीआरपी ગેમઝોનમાં બનેલ આગની દુર્ઘટના બાદ વહિવટીતંત્ર દ્વારા શહેરમાં તમામ જગ્યાએ ફાયર NOC તથા BU Permission ના કારણે સીલ મારી દેવામાં આવી રહયા છે અને વેપાર-ઉધોગકારોને ખોટી રીતે હેરાન પરેશન કરવામાં આવી રહયા છે.

ત્યારે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિવિધ એસોસીએશનોના પ્રતિનિધિઓ સાથે આજરોજ તા.૧૦-૬-૨૦૨૪ ના રોજ મિટીંગ યોજવામાં આવેલ હતી. જેમાં ૨૦૦ થી વધુ એસોસીએશનોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા. આ મિટીંગ દરમ્યાન ફાયર NOC તથા BU Permission ના કારણે જે સીલ મારવામાં આવી રહયા છે તે તાત્કાલીક ખોલી આપવા તેમજ આ માટે પુરતો સમય આપી પ્રક્રિયાને સરળ કરવી. આ કાર્યવાહીમાં સાચો દંડાઈ નહી અને ખોટો રહી ન જાય તે ધ્યાને લેવું જોઈએ. તેમજ મિટીંગમાં સૌનો એવો સુર રહયો છે કે આ બાબતે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ આવતીકાલ સવારે ૧૧:૦૦ વાગ્યે રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને શાંતિપુર્ણ રજુઆત કરવાનું નકિક કરવામાં આવેલ છે. જેથી કોઈપણ વેપાર-ઉધોગકારોને ફાયર NOC તથા BU Permission અંગે પ્રશ્નો હોય તો આવતીકાલ સવારે રાજકોટ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરીએ ખાસ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવે છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.